# સાયન્સ સિટીમાં એક્વેટિક સાયન્સ ગેલેરીનો ટૂંક સમયમાં પ્રારંભ

## ૭૨ જાતના દરિયાઈ જીવોના પ્રદર્શન સાથે એક્વેટિક સાયન્સ ગેલેરી નવુ આકર્ષણ બની રહેશે

ગુજરાત સાયન્સ સિટી, અમદાવાદ ખાતે ટૂંક સમયમાં દેશની સૌ પ્રથમ એક્વેટિક સાયન્સ ગેલેરીનો પ્રારંભ કરવામાં આવશે. જે મુલાકાતીઓને



અલગ અનુભવ પુરો પાડશે. લગભગ ૨૫૧ કરોડના ખર્ચે બની રહેલ આ એકવેટિક સાયન્સ ગેલેરી ૧૩ હજાર ચો.મી.માં ફેલાયેલ છે. ઉપરોક્ત માહિતી સાયન્સ અને ટેકનોલોજી વિભાગના સચિવ ધનંજય દ્વિવેદીએ પત્રકાર પરિષદમાં આપી હતી. આ પ્રસંગે સાયન્સ સિટીના નિયામક સુરમ્ય વોરા અને સાયન્ટીસ શાહુ ઉપસ્થિત રહ્યા હતા.

એકવેટિક સાયન્સ ગેલેરીના બાંધકામનો પ્રારંભ ૨૦૧૭માં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ કરાવ્યો હતો. આ ગેલેરીનુ નિર્માણ ટૂંક સમયમાં સંપન્ન થઈ જશે અને ટૂંક સમયમાં તેને જાહેર જનતા માટે ખુલ્લુ મુકવામાં આવશે. આ ગેલેરી ૧૩૦૦૦ ચો.મી. ફેલાયેલી છે. જે જલદ જીવોને નજીકથી જોવાની અને તેના વિશે જાણવાની તક પુરી પાડશે. સ્ટેમ લર્નિંગ પ્રોગ્રામ અંતર્ગત વિદ્યાર્થીઓ સાથે દરિયાઈ દુનિયા વિશે ચર્ચા કરવાની તક પુરી પાડશે. નાના કદથી લઈને મહાકાય દરિયાઈ જીવો સાથે ૭૨ જાતના અલગ અલગ એક્ઝિબિટ્સ હશે. આ એક્ઝિબિટ્સના જાણવાની તક પુરી પાડશે. સ્ટેમ લર્નિંગ પ્રોગ્રામ અંતર્ગત વિદ્યાર્થીઓ સાથે દરિયાઈ દુનિયા વિશે ચર્ચા કરવાની તક પુરી પાડશે. નાના કદથી લઈને મહાકાય દરિયાઈ



જીવો સાથે ૭૨ જાતના અલગ અલગ એક્ઝિબિટ્સ હશે. આ એક્ઝિબિટ્સમાં ૧૨ હજાર જેટલી માછલીઓ હશે જેમાં ૨૦૦ જેટલી એક્વેટીક પ્રજાતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. એસિયાઈ સહિત અમેરિકન અને આફ્રિકન પ્રજાતિઓ મુલાકાતીઓને આકર્ષિત કરશે.

જૈવિકતંત્ર અનુસાર આ ગેલેરીમાં અલગ અલગ માછલીઓનું વર્ગીકરણ કરવામાં આવશે જેમાં માછલીઓને તેમના વસવાટ અનુસાર, તેમના રહેવાના પાણીના પ્રકાર અનુસાર, જેમકે ખારા પાણી અને મીઠા પાણીની માછલીઓ તેમજ તેમના જીવનચક્ર અનુસાર રાખવામાં આવશે. આ સાથે જ બીજી ઘણી બધી ઉપયોગી માહિતી પણ મુલાકાતીઓને પુરી પાડવામાં આવશે. અંડરવોટર ટનલમાં ચાલવું અને અલગ અલગ માછલીઓને નજીકથી જોવાનો અનુભવ એ શ્વાસ થંભાવી દે તેવો હશે. જેમાં તમે શાર્કની સાથે બીજી દરિયાઈ પ્રજાતિઓને નજીકથી જોવાની તક મળશે. આ ૨૨ મીટર લાંબી ઓશનરી વોક તમને અસલ દરિયાની વચ્ચે હોવાનો અહેસાસ કરાવશે. ગેલેરીનો અનુભવ પુરો થાય તેની સાથે મુલાકાતીઓ રમતિયાળ પેન્ગવિનસની મુલાકાત મુલાકાતીઓને અચંબિત કરી દેશે.

આ મુલાકાતનો અનુભવ દરિયાઈ જીવો તથા તેમના રહેઠાણ અને



વર્તુણુંકની સમજમાં વધારો કરશે તેમજ તેમના પ્રત્યે સહાનુભૂતિ જગાડશે. આ ગેલેરીનો મુખ્ય ધ્યેય દરિયાઈ જીવસૃષ્ટિ વિષે જાગૃતતા ફેલાવવી અને તેમના સંરક્ષણ માટે યુવાનોને પ્રોત્સાહિત કરવાનો છે, જે આ સાથે સાર્થક થશે. આ ગેલેરીના પ્રદર્શનમાં પર્યાવરણ, જૈવિકતંત્ર અને દરિયાઈ વિજ્ઞાન જેવા ક્ષેત્રોને રસપ્રદ રીતે આવરી લેતા કોમ્પ્યુટર સિમ્યુલેશન, મલ્ટીસ્ક્રીન પેનરોમિક પ્રોજેક્શન ધરાવતુ એનિમેટ્રોનીક્સ અને ઈન્ટેરેક્ટિવ એક્ઝિબિટ્સ હશે, જે દરિયાઈ વિજ્ઞાન, જૈવિકતંત્ર અને પર્યાવરણને સમજવા માટે ઉપયોગી બની રહેશે.

# ડીસા ખાતે હિન્દૂ સભામાં રામમંદિરના નિર્માણ માટે સંતોના આક્રમક તેવર

ડીસા

ભારતમાં રામમંદિરનું ઝડપથી નિર્માણ થાય તે માટે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા આંદોલન તેજ બનાવી દેવાયુ છે.દેશના વિવિધ નગરોમાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા રામ જન્મભૂમિ પર ભવ્ય મંદિરના નિર્માણ માટે વિશાળ ધર્મસભાનું આયોજન કરાઈ રહ્યું છે.. ત્યારે ગતરોજ ડીસા ખાતે પણ હવાઈ પિલર મેદાનમાં બનાસકાંઠા જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા વિશાળ ધર્મસભાનું આયોજન કરાયું હતું. આ વિશાળ ધર્મસભામાં ગુજરાતભરના સાધુ-સંતો પણ ઉપસ્થિત રહ્યા હતા.





તસવીર : કાંતિલાલ લોધા

દેશમાં લોકસભાની સામાન્ય ચૂંટણી જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા અયોધ્યામાં રામ મંદિર બનાવવાની માંગ તીવ્ર બની રહી છે. વર્તમાન સમયમાં રામ મંદિરને લઈ કોર્ટ દ્વારા ચુકાદો આપવામાં થઈ રહેલા વિલંબ સામે પણ વિશ્વ હિંદુ પરિષદે અવાજ ઉઠાવ્યો છે. ત્યારે ગતરોજ ડીસા ખાતે યોજાયેલી ધર્મસભામાં એક મંચ પર ઉપસ્થિત રહેલા સંતોએ રામમંદિર ન બને તો લોકસભા ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારી હતી. ડીસા ખાતે યોજાયેલી ધર્મસભામાં ઉપસ્થિત સંત નિજાનંદ મહારાજે તેજાબી વ્યક્તવ્ય આપતાં જણાવ્યુ હતું કે અત્યાર સુધી રામના નામ પર માત્ર મત જ માંગવામાં આવ્યા છે.. ત્યારે હવે જો રામ મંદિરનુ નિર્માણ ના થાય તો હિન્દુઓએ તેમના પગારખામાં રામના નામની છાપ પાડવી જોઈએ અને આગામી ચૂંટણી વખતે કોઈ વ્યક્તિ રામના નામ પર મત માંગવા આવે તો તેમના ગાલ પર ચપ્પલ ફટકારવા જોઈએ.જેથી તેમના ગાલ પર રામના નામની છાપ પડી જાય...

ડીસા ખાતે યોજાયેલી ધર્મસભામાં હાજર રહેલા મુખ્ય



વક્તા કલ્પેશભાઈ વાઘેલા તેમજ સાધુ સંતોએ આક્રમકતાં સાથે હુંકાર કરતાં જણાવ્યુ હતું કે આગામી સમયમાં જો રામ મંદિરનુ નિર્માણ કરવામાં નહિ આવે તો હવે દેશના સાધુ સંતો આંદોલનનો માર્ગ અપનાવશે અને અયોધ્યામાં રામ મંદિરનું નિર્માણ કરીને જ દમ લેશે.

ડીસા હાઈવે પરના હવાઈ પિલર મેદાનમાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા યોજાયેલી આ વીશાળ ધર્મસભામાં બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી, ગુજરાત વેર હાઉસિંગ કોર્પોરેશનના ચેરમેન મગનલાલ માળી, ડીસાના ધારાસભ્ય શશિકાન્તભાઈ પંડ્યા, કાંકરેજના ધારાસભ્ય કિર્તીસિંહ વાઘેલા, જિલ્લા ભાજપ મહામંત્રી અમૃતભાઈ દવે અને ભારતસિંહ ભટેસરિયા, ડીસા બજાર સમિતિના ચેરમેન માવજીભાઈ દેસાઈ સહિત ભાજપના અન્ય આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા.આ ધર્મસભાને સફળ બનાવવા વિશ્વ હિન્દુ પરિષદના ડીસા પ્રખંડના બળદેવભાઈ રાયકા સહિત અન્ય કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

## ગુજરાતની વિવિધ યુનિવર્સિટીના ૩૦ પ્રોફેસરોએ દિલ્હી ખાતે નરેન્દ્રભાઈની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૯

ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગના અગ્ર સચિવ શ્રીમતી અંજુ શર્માના નેતૃત્વ હેઠળ ગુજરાતની વિવિધ યુનિવર્સિટીના ૩૦ પ્રોફેસરોએ દિલ્હી ખાતે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની મુલાકાત લીધી હતી. આ પ્રોફેસરો યુ.કે. ખાતે દસ દિવસની ''ગ્લોબલ પ્રેક્ટિસીસ ઈન એજ્યુકેશન સેક્ટર''ની તાલીમ લઈ પરત આવ્યા હતા અને પ્રધાનમંત્રીશ્રીને તેમના યુ.કે. ખાતેના અનુભવોથી વાકેફ કર્યા હતા. શ્રીમતી અંજુ શર્માએ આ તાલીમ કોર્સની ડિઝાઈન તૈયાર કરી હતી.

શ્રીમતી શર્માએ જણાવ્યું હતું કે વિશ્વની બેસ્ટ શૈક્ષણિક પદ્ધતિનો દેશને અને ગુજરાતને વધુમાં વધુ કેવી રીતે લાભ મળી શકે તે હેતુથી ગુજરાત સરકાર અને યું.કે.ની સરકારના સંયુક્ત ઉપક્રમે આ તાલીમ પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો. કુલ ચાર ફેસમાં આ પ્રોગ્રામ તૈયાર કરવામાં આવ્યો છે અને અત્યાર સુધીમાં ગુજરાતની ૧૧ જેટલી ખાનગી અને સરકારી યુનિવર્સિટીના ૫૦૦૦ પ્રોફેસરોને આ તાલીમ આપવામાં આવશે.

# શહેરમાં લગ્નસરાની મૌસમ પુરબહારમાં ખીલી ઉઠી

ગાંધીનગર,તા.૯

ગાંધીનગર શહેરમાં લગ્નસરાની મૌસમ પુરબહારમાં ખીલી ઉઠી છે. સેકટરોના માર્ગો પર સંગીતની સુરાવલી અને ડીજે ના તાલે ઝુમતા જાનૈયાઓ નજરે પડી રહ્યા છે. જયારે રાત્રે રાસ-ગરબાની રમઝટ જામે છે. જયારે શહેરીજનોના ઘરે ચાર થી પાચ કંકોતરી આવેલી છે. લગ્નસરાની મૌસમને કારણે કયા જવુ અને કયા ન જવુ તેની મથામણ કરતા પણ કેટલાક નગરજનો નજરે પડી રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં આગામી ચાર દિવસ લગ્નો અઢળક છે. એક સેકટરોમાં સાત થી વધુ લગ્નો જોવા મળી રહ્યા છે. જયા નજર કરો ત્યાં સુંદર સજાવટ વાળા મંડપ નજરે પડે છે. જયારે સવારથી જ ઢોલ ત્રાસા અને શરણાઈના શુરો સંભળાઈ રહ્યા છે. શહેરના લગ્નની સિઝનને પગલે હોટલ-રેસ્ટોરન્ટ, ગેસ્ટ હાઉસ, મહારાજ, બેન્ડવાજા, ફુલવાળા, મંડપ ડેકોરેશનવાળા, વિડીયો શુટીંગ, ઘોડાવાળા, રસોઈયા, પાર્ટી પ્લોટ સહિતના વેપાર ધંધામાં હાલના સમયે તેજી જોવા મળે છે. અત્યારે હાલના સમયે તમામ વેપારીઓની તારીખ બુક થઈ જવા પામી છે. જયારે કેટલાક વેપારીઓ જણાવી રહ્યા છે કે મંડપ, રસોઈયા તેમજ પાર્ટી પ્લોટની તારીખો તો છ માસ અગાઉ નાગરીકો બુક કરાવી દે છે.

નગરમાં લગ્ન સંબંધિત વેપાર સાથે સંકળાયેલા વેપારીઓના ધંધામાં હાલ તેજી જોવા મળી રહી છે.

હજ્જારો રૂપીયા વધુ આપવા છતા કેટલાક વેપારીઓ ઓર્ડર લેવાની ના પાડી દે છે. ત્યારે



શહેરમા હાલના સમયે એક થી એક ચડીયાતા ભવ્યાતિ ભવ્ય લગ્ન સમારોહ પણ નજરે પડે છે. જેમાં લાખો રૂપીયા પાણીની જેમ પોતાના દિકરા કે દિકરીના લગ્ન સમારોહ પાછળ ખર્ચ કરતા માતા-પિતા અચકાતા નથી. શહેરમાં આગામી ચાર દિવસ અસંખ્ય લગ્નો હોવાથી અનેરો માહોલ સર્જાશે. ત્યારબાદ વિંછુડો બેસી જતા શુભકાર્યો સ્થગીત થઈ જશે. જયારે મકરસક્રાંતિ બાદ લગ્નના મુહર્ત હોવાથી ડિસેમ્બર એન્ડ સુધી લગ્નસરાની મૌસમ જોવા મળશે.



આઈ હોસ્પિટલનો શુભારંભ : શહેરના નવનિર્મિત તબીબી હબ સમા નિરામય ખાતે પ્રથમ આંખની હોસ્પિટલનો શુભારંભ મેયર પ્રવિણ પટેલ, ભાજપના શહેર પ્રમુખ મહેન્દ્ર દાસના હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા થયો હતો. ડૉ. જાનકી પટેલ અદ્યતન ટેકનોલોજીની માહિતી આપી ઉપસ્થિત શુભેચ્છકોને આંખની કાળજી રાખવાના સૂચનો કર્યા હતા. આ પ્રસંગે શુભેચ્છકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.





તસવીર : રમેશ વૈષ્ણવ

## ખેડબ્રહ્માના ચાડા પાસે અકસ્માત

ખેડબ્રહ્માના ચાડા ગામ પાસે લકઝરી બસ અને છકડા વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં બેને ઈજાઓ પહોંચી હતી. જેમને વધુ સારવાર માટે હિંમતનગર રીફર કરવામાં આવ્યા છે. ચાડા ગામ પાસે અંબાજી તરફથી આવતી લકઝરી બસ નંબર જીજે.૦૭.વીવી.૯૫૧૯ના ચાલકે પોતાના કબજાની બસ બેદરકારી અને પુરઝડપે હંકારી ગઢડા શામળાજી બાજુથી આવતા છકડાને ટક્કર મારતાં અકસ્માત સર્જાયો હતો. જેમાં જયંતીભાઈ (ઉં.વ.૪૫) તથા ગીતાબેન (ઉં.વ. ૫૦)ને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેમને ૧૦૮ દ્વારા ખેડબ્રહ્માની જનરલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. જ્યાં પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે હિંમતનગર ખસેડવામાં આવ્યા હતા. ખેડબ્રહ્મા પોલીસે ઘટનાસ્થળે પહોંચી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## ગોલ્ડન કાર્ડ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વસ્તી ગણતરીના આંકડાઓ મુજબ આપવામાં આવનાર છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં પાંચ હજાર જેટલા આવા કાર્ડ આપવામાં આવ્યા હતા પરંતુ છેલ્લા ત્રણ દિવસથી શરૂ કરેલા સઘન અભિયાનને લઈ વધુ બે હજાર કાર્ડનું વિતરણ કરવામાં આવ્યુ છે.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. સોલંકીના જણાવ્યા મુજબ રાજ્ય સરકારમાંથી આ કાર્ડ માટેની કીટ ઉપલબ્ધ થયેથી કાર્ડ પ્રા.આ. કેન્દ્રથી ઉપલબ્ધ બનશે. હાલ જિલ્લામાં ૫૦ જેટલા કોમન સર્વિસ સેન્ટર ઉભા કરાયેલા છે ત્યાંથી આ ગોલ્ડન કાર્ડ આપવામાં આવે છે.

આ કાર્ડને કારણે પાંચ લાખ રૂ. સુધીની આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ થતી હોય છે. તેમણે એક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ હતુ કે આ માટે તંત્ર દ્વારા સંપૂર્ણ આયોજન તૈયાર કરી દેવામાં આવ્યુ છે.

# વસાહતીઓએ ભીનો અને સુકો કચરો અલગ આપવો પડશે

ગાંધીનગર,તા.૯

ગાંધીનગર મહાનગર પાલિકા તંત્ર દ્વારા ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન સિસ્ટમ તૈયાર કરાઈ છે. ત્યારે એક માસ અગાઉ મહાનગર પાલિકા તંત્ર દ્વારા શહેરમાં વસવાટ કરતા દરેક નાગરીકના ઘરે લીલા અને વાદળી રંગની કચરા પેટી આપવામાં આવી છે. જેમાં ભીનો અને સુકો કચરો અલગ અલગ રાખવો તે સમયે તેવું જણાવ્યું હતું. પરંતુ હજુ સુધી ઘણા વસાહતીઓ ભીનો અને સુકો કચરો એક જ કચરા પેટીમાં નાખે છે અને કલેકશન વાનને આપે છે. જેના કારણે ગાર્બેજ કલેકશન અને ત્યારબાદ તેના વર્ગીકૃતકરણમાં કોર્પોરેશનને વધુ મહેનત કરવી પડે છે અને આર્થિક નુકશાની પણ વેઠવી પડે છે. આપી પરિસ્થિતમાં સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ અંતર્ગત હવે વસાહતીઓએ સુકો અને ભીનો કચરો અલગ અલગ જ આપવો પડશે. કોર્પોરેશન દ્વારા નિયત કરાયેલા આ નિયમ મુજબ પ્લાસ્ટીક , કાગળ, કાચ, પેંકીગ મટીરીયલ્સ,નકામા પુંઠા, તેમજ અન્ય નકામી વસ્તુઓ સુકા કચરા તરીકે વાદળી કચરા પેટીમાં અને બગડી ગયેલા શાકભાજી, રસોડાનો કચરો, ફ્રુટ-ફળ ખાદ્ય પદાર્થો, ઝાડના પાંદળા, તેમજ ટોયલેટ પેપરનો કચરો ભીનો કચરા તરીકે લીલા રંગની કચરા પેટીમાં અલગ રાખી ઘરે આવતી ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન વાનને આપવાનો રહેશે. જો આ બંન્ને કચરા વર્ગીકૃત કરીને અલગ અલગ નહીં આપવામાં આવે તો આવા વસાહતીઓનો કચરો સ્વીકારવામાં આવશે નહીં. આ માટે હાલ તો ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા નાગરીકો માટે જનજાગૃતિ અભિયાન પણ ચલાવવામાં આવી રહ્યું છે અને સેકટરોમાં ફરીને વસાહતીઓને જરુરી માર્ગદર્શન પણ આપવામાં આવી રહ્યું છે.

## વિજય માલ્યા...

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગેરંટી આપવાનો મતલબ એ નથી કે તેમને છેતરપિંડી કરનાર વ્યક્તિ તરીકે ગણાવવામાં આવે. માલ્યાએ કહ્યું છે કે, તેઓ મૂળ રકમને ૧૦૦ ટકા પરત આપવાની તૈયારી દર્શાવી છે. આનો સ્વીકાર કરવામાં આવે તે જરૂરી છે. માલ્યાની સામે પ્રત્યાર્પણનો મામલો મેજિસ્ટ્રેટની કોર્ટમાં છેલ્લી ચાર ડિસેમ્બરના દિવસથી ચાલી રહ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સાતમી ડિસેમ્બરના દિવસે સુપ્રીમ કોર્ટે માલ્યાને મોટો ફટકો આપ્યો હતો. એ વખતે સુપ્રીમ કોર્ટે વિજય માલ્યાને મોટો ફટકો આપીને તેમની સામે ઈડી દ્વારા દાખલ કરવામાં આવેલી કાર્યવાહી માટેની અરજી ઉપર પ્રતિબંધ મુકવાનો ઈન્કાર કરી દીધો હતો. હાલમાં બ્રિટનમાં રહેતા વિજય માલ્યાએ પોતાના વકીલ મારફતે ભારતમાં સુપ્રીમ કોર્ટમાં ઈડીની કાર્યવાહી પર પ્રતિબંધ મુકવાની અરજી દાખલ કરી હતી પરંતુ સુપ્રીમ કોર્ટે આ અરજીને ફગાવી દીધી હતી. હકીકતમાં ઈડીએ વિજય માલ્યાને ફરાર આર્થિક અપરાધી જાહેર કર્યો હતો અને તેમની સંપત્તિ જપ્ત કરવાની કાર્યવાહી શરૂ કરી હતી. માલ્યાએ આ પ્રક્રિયા ઉપર પ્રતિબંધ મુકવાની માંગ કરીને સુપ્રીમ કોર્ટમાં રજૂઆત કરી હતી પરંતુ સુપ્રીમ કોર્ટે માલ્યાને રાહત આપવાના બદલે ઈડીને નોટિસ જારી કરીને તેની પ્રક્રિયાને આગળ વધારવાનો આદેશ આપ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, જુદી જુદી બેંકોના ૯૦૦૦ કરોડ રૂપિયાની લોન લઈને વિજય માલ્યા દેશમાંથી ફરાર થઈ ગયા હતા. ભારત સરકાર તેમને લંડનમાંથી દેશ પરત લાવવાના પ્રયાસમાં લાગેલી છે. બ્રિટનના કઠોર પ્રત્યાર્પણ કાયદા હેઠળ લંડન કોર્ટમાં ભારત સરકારની અરજી પર સુનાવણી હાલ ચાલી રહી છે. જ્યાં માલ્યાએ ભારતમાં જેલોની ખરાબ હાલતને લઈને વાંધો ઉઠાવ્યો હતો. પ્રત્યાર્પણથી બચવાના પ્રયાસ કર્યા છે. જો કે, ભારત સરકારે લંડનની કોર્ટને મુંબઈ સ્થિત આર્થર રોડ જેલનો વિડિયો મોકલ્યો હતો.

# ચિલોડા બ્રહ્માકુમારી વિશ્વવિદ્યાલય ખાતે ફ્રી મેગા હેલ્થ ચેક-અપ કેમ્પ યોજાયો

### નિષ્ણાત તબીબો દ્વારા ૨૭૫થી વધુ લાભાર્થીઓએ વિવિધ રોગોનું નિદાન-યોગ્ય માર્ગદર્શન મેળવ્યું

ચિલોડા, તા. ૯

ગાંધીનગર તાલુકાના પ્રવેશદ્વાર સમા ચિલોડા સર્કલ સ્થિત



પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય-જગદંબાભવન સેવાકેન્દ્ર તથા ક્રિષ્ણા હોસ્પિટલના સહયોગથી રાજસ્થાન હોસ્પિટલ (ધી ગુજરાત રીસર્ચ એન્ડ મેડીકલ ઈન્સ્ટીટ્યુટ ચત્રભુજ લાજપતરાય જનરલ હોસ્પિટલ દ્વારા ફ્રી મેગા હેલ્થ ચેક-અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં હૃદયને લગતી બિમારી ડૉ. હિતેશભાઈ શાહ, મગજ, કરોડરજ્જુ તથા મણકાના રોગો - ડૉ. કૈરવ શાહ, પેટ, આંતરડા અને લીવરની બિમારીના ડૉ. નયન પંચાટિયા, હાડકાંના રોગો તથા જોઈન્ટ રીપ્લેસમેન્ટ નિષ્ણાત ડૉ. કાન્તીલાલ જૈન, મોઢાના કેન્સરના રોગોનું નિદાન ડૉ. કલ્પેશ છાજેર, નવજાત શિશુ તથા બાળરોગોના નિષ્ણાત ડૉ. રાજકુમાર, જનરલ ફિજીશીયન ડૉ. ભાવના પટેલ, ડૉ. મહેશ ડી. ઝાલા (ક્રિષ્ણા હોસ્પિટલ) વગેરે નિષ્ણાત ડૉક્ટર ટીમ દ્વારા



વિવિધ રોગોનું નિદાન તથા યોગ્ય માર્ગદર્શન ચિલોડા વિસ્તારના આસપાસના ૨૭૫થી વધુ લાભાર્થીઓએ સેવાનો લાભ લીધો હતો. આ કેમ્પમાં સેવા કેન્દ્રના સંચાલિકા રાજયોગીની તારાદીદી તથા ગાંધીનગર સેવાકેન્દ્ર સંચાલિકા રાજયોગિની બ્રહ્માકુમારી કૈલાશદીદીએ નિષ્ણાત ડૉક્ટરોનું ઉષ્માભર્યુ સ્વાગત કર્યું હતું. આ કાર્યક્રમમાં બી.કે. કૈલાશદીદીએ પ્રાસંગિક પ્રવચન દ્વારા નિષ્ણાત ડૉક્ટરો અને લાભાર્થીઓને સારા સ્વાસ્થ્ય અને તબીબોની નિઃસ્વાર્થ સેવાઓને બિરદાવી શુભેચ્છા પાઠવી હતી.

જરૂરિયાતમંદ દર્દીઓને કાડીયોગ્રામની ડાયાબિટીસની તપાસ વિનામુલ્યે કરવામાં આવી હતી. સમગ્ર કેમ્પનું સફળ સંચાલન હિરેન પ્રજાપતિ અને સંસ્થાના સેવાભાવીના સહકાર્યકરો ચિલોડા હોમગાર્ડ સબ યુનિટના જવાનોએ વિશિષ્ટ નિઃસ્વાસ્થ સેવા પુરી પાડી હતી.

## કાયદો ઘડે

● અનુસંધાન પહેલાનું ચાલુ

જનભાવનાઓનું સન્માન કરવું જોઈએ. અમે રામ મંદિરને લઈને કોઈ ભીખ માંગી રહ્યા નથી. જોશીએ એમ પણ કહ્યું હતું કે, અમે કોઈની સાથે સંઘર્ષ ઈચ્છતા નથી. કોઈપણ પ્રકારની પૂજાપદ્ધતિ અપનાવનાર લોકો હોય અમને કોઈ વિરોધ નથી. વિહિપની રેલીને સંબોધતા જોશીએ કહ્યું હતું કે, મંદિર નિર્માણની બાબતને સંપ્રદાય સાથે જોડીને જોવાની જરૂર નથી. મંદિરનું નિર્માણ ભવિષ્યમાં રામ રાજ્યના નિર્માણ તરફ દોરી જશે. દેશપર હુમલા કરનાર લોકોના નિશાનો પણ દૂર થઈ જશે. સંસદનું શિયાળુ સત્ર શરૂ થવા જઈ રહ્યું છે ત્યારે આજે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આને લઈને અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. કોઈપણ હિંસાને ટાળવા તમામ પગલા લેવામાં આવ્યા હતા. બીજી બાજુ મંદિર નિર્માણને લઈને ગતિવિધિ દેશના અન્ય ભાગોમાં પણ તીવ્ર કરવામાં આવી છે.

ટચૂકડી જાહેર ખબર

નામ બદલેલ છે

મારું નામ રોનકકુમાર ઘનશ્યામભાઈ પટેલ હતું તે બદલી નવું નામ રવિકુમાર ઘનશ્યામભાઈ પટેલ રાખેલ છે. જેની નોંધ લેવી.

લી.
રવિકુમાર ઘનશ્યામભાઈ પટેલ
ડી-૧૦૩, સાર્થક સંકલ્પ,
કુડાસણા, તા.જી. ગાંધીનગર
મો. નં. ૭૩૮૩૦૮૩૫૫૩